# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-07-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

**(CLOSING MUSIC)**

# YUVA AAPDA MITRA SCHEME

રાજ્યમાં કુદરતી અને માનવસર્જિત આપત્તિ સામે નાગરિકોને મદદરૂપ થવા 'યુવા આપદા મિત્ર યોજના' હેઠળ અત્યાર સુધી ચાર હજાર 526 યુવાનોને તાલીમબદ્ધ કરાયા છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર રાજ્યના 17 જિલ્લાઓમાં 'આપદા મિત્રો'ને અદ્યતન કટોકટી કીટથી સજ્જ કરાયા છે. આ જિલ્લાઓમાં અમદાવાદ, અમરેલી, આણંદ, ભાવનગર, જામનગર, જૂનાગઢ, ખેડા, કચ્છ, મોરબી, નર્મદા, નવસારી, પોરબંદર, રાજકોટ, સુરત, તાપી, વડોદરા અને વલસાડ જિલ્લાનો સમાવેશ કરાયો છે.

આ યોજના હેઠળ આપત્તિ જોખમ વ્યવસ્થાપનમાં મહિલાઓની ભૂમિકા વધારવા માટે તેમની 50 ટકા ભાગીદારીનું વિશેષ લક્ષ્ય રખાયુ છે. બચાવ કામગીરીને વધુ સક્ષમ બનાવવા માટે તાલીમ પામેલા આપદા મિત્રોને 10 હજારની કિંમતની કીટ અપાય છે. ઉપરાંત સામાજિક સુરક્ષા માટે તેઓને ત્રણ વર્ષ સુધી 5 લાખ રૂપિયાનું વિમા કવચ પૂરું પાડવામાં આવે છે.

# RATHYATRA POLICE REHEARSAL

અમદાવાદમાં આગામી 16 તારીખે યોજાનારી ભગવાન જગન્નાથજીની 149-મી રથયાત્રાને લઈ રાજ્ય સરકાર અને પોલીસ તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે. આજે શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતની અધ્યક્ષતામાં 50થી વધુ ગાડી અને 31 હજારથી વધુ જવાનોએ રથયાત્રાના સમગ્ર માર્ગનું નિરીક્ષણ કર્યું. આવતીકાલે પોલીસે સુરક્ષા વ્યવસ્થાનો અંતિમ પૂર્વાભ્યાસ કરાશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ રથયાત્રાના માર્ગનું નિરીક્ષણ કરશે. આ અંગે પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે વધુ માહિતી આપી.

(BYTE: ANUPAM SINGH GEHLOT, POLICE COMMISSIONER, AHMEDABAD CITY)

આ અંગે જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ કહ્યું, 16 તારીખે વહેલી સવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ભગવાનના રથને ખેંચીને પરંપરાગત પહિંદ વિધિ કરી રથયાત્રાનો શુભારંભ કરાવશે. આ વખતે રથયાત્રામાં 18 શણગારાયેલા ગજરાજ અગ્રભાગે રહેશે.

# GOVERNOR JAMNAGAR

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આજે જામનગર જિલ્લાના લતીપર ગામની પ્રાથમિક શાળામાં યોગાભ્યાસ કર્યો. આ યોગ સત્ર દરમિયાન રાજ્યપાલે વિદ્યાર્થીઓ સાથે પ્રાણાયામ કરી યોગથી થતા શારીરિક તેમજ માનસિક ફાયદા અંગે સમજ આપી. તેમણે જણાવ્યું હતું કે, યોગથી શરીરની લચકતા વધે અને શરીરમાં લોહીનો સંચાર વધે છે.

# BHAVNAGAR AMBERGRIS

ભાવનગરમાંથી 5 કરોડ રૂપિયાથી વધુની કિંમતની વ્હેલ માછલીની ઉલ્ટી એટલે કે 'એમ્બરગ્રીસ' સાથે ચાર શખ્સ ઝડપાયા છે. મળેલી બાતમીના આધારે સ્ટેટ મોનિટરિંગ સેલે બુધેલ ગામમાં દરોડો પાડી એમ્બરગ્રીસનું વેચાણ કરવાની પેરવી કરી રહેલા ચાર આરોપીને 4 કિલોગ્રામ એમ્બરગ્રીસ સાથે રંગેહાથ ઝડપી લીધા હતા.

આ ગામમાંથી અગાઉ 4 કરોડની કિંમતની એમ્બરગ્રીસ સાથે ચાર શખ્સો પકડાયા હતા. આ સમગ્ર ઓપરેશનમાં અત્યાર સુધીમાં કુલ 9 કરોડ 40 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી કુલ આઠ આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

# CHANDIPURA VIRUS

પંચમહાલમાં શંકાસ્પદ ચાંદીપુરા વાયરસથી એક બાળકનું મોત થતાં જિલ્લામાં મૃત્યુઆંક 3 પર પહોંચ્યો. અમારા પ્રતિનિધિના જણાવ્યા અનુસાર ગોધરા તાલુકાના મણિપુર ગામના એક વર્ષના બાળકને શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના લક્ષણો બાદ વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરાયો હતો, પરંતુ રસ્તામાં જ તેનું અવસાન થયું હતું. દરમિયાન આરોગ્ય વિભાગે અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વેલન્સ, ફોગિંગ અને જંતુનાશક દવાઓના છંટકાવની કામગીરી તેજ કરી છે.

આ સાથે સાબરકાંઠાની હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો ધરાવતી ત્રણ વર્ષની બાળકીનું મોત થયું હોવાના અહેવાલ છે. અરવલ્લીના બાયડથી આ બાળકીને હિંમતનગર સિવિલમાં લવાઈ હતી.

# JMR PRATIBANDH

જામનગરમાં ઉંદરોને પકડવા ઉપયોગમાં લેવાતી ગ્લૂટ્રેપના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ અને ઉપયોગ પર પ્રતિબંધ મુકાયો. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહગાર વિભાગ ગાંધીનગરના ઠરાવ મુજબ, ગ્લુબોર્ડ કે સ્ટિકી ટ્રેપ તરીકે પણ ઓળખાતી ગ્લુટ્રેપ પર પ્રતિબંધ રહેશે. નિયમોનો ભંગ કરનારા લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરાશે, તેમ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ વિમલ ચૌધરીની યાદીમાં જણાવાયું.

# GOVT FACT CHECK

સોશિયલ મીડિયામાં મુખ્યમંત્રી બાળ આશીર્વાદ યોજના અંગે વાયરલ થયેલી પૉસ્ટ ખોટી હોવાની સરકારે સ્પષ્ટતા કરી છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે જણાવ્યું. સોશિયલ મીડિયામાં વાયર થયેલી મુખ્યમંત્રી બાળ આશીર્વાદ યોજના અંગેની પૉસ્ટ ભ્રામક અને અસત્ય છે. રાજ્ય સરકાર દ્વારા હાલમાં આ નામની કોઈ યોજના અમલમાં નથી. લોકોને આવી અફવાઓ પર વિશ્વાસ ન કરવા અને માત્ર સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ કરવા અપીલ કરવામાં આવી છે.

# GUJARAT RAIN

રાજ્યમાં હમણાં વરસાદે વિરામ લીધો છે ત્યારે અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 24.64 ટકા વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ સરેરાશ 34 ટકા વરસાદ દક્ષિણ ગુજરાતમાં વરસ્યો છે જ્યારે કચ્છના વરસાદની સૌથી વધુ ઘટ જોવા મળી છે. રાજ્યના જળાશયોની સ્થિતિની વાત કરવામાં આવે તો 9 ડેમ હાઇએલર્ટ પર છે જ્યારે 6 અલર્ટ પર અને 10 ડેમને વોર્નિંગ પર રખાયા છે. રાજ્યની જીવાદોરી નર્મદા ડેમ 65 ટકા જેટલો ભરાયો છે.